adani

# અદાણી પોર્ટસ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ

## ૧૯મી વાર્ષિક સાધારણ સભાની નોટીસ

આથી નોટીસ આપવામાં આવે છે કે, અદાણી પોર્ટસ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડના સભ્યોની ૧૯મી વાર્ષિક સાધારણ સભા (એજીએમ) સોમવાર, ૬ઠ્ઠી ઓગસ્ટ, ૨૦૧૮ના રોજ સવારે ૯.૩૦ કલાકે જે. બી. ઓડિટોરિયમ, અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન, એએમએ કોમ્પ્લેક્સ, અટિરા, ડો. વિક્રમ સારાભાઈ માર્ગ, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતે મળશે, જેમાં એજીએમ નોટીસ તારીખ ૩જી મે, ૨૦૧૮ માં દર્શાવવામાં આવ્યા મુજબનાં સામાન્ય તથા વિશેષ બિઝનેસ હાથ ધરાશે. એજીએમની નોટીસ, વાર્ષિક અહેવાલ તથા હાજરીની સ્લિપ જે સભ્યોના ઈ-મેઈલ આઈડી કંપની/ડીપોઝીટરી પાર્ટીસિપન્ટ સમક્ષ નોંધાયેલા છે, તેમને ઈલેક્ટ્રોનિક મોડથી અને તે સિવાયના સભ્યોને ફિઝિકલી નિયમાનુસાર પરવાનગી મુજબના મોડથી મોકલી આપવામાં આવ્યા છે. ઉપરોક્ત ડોક્યુમેન્ટ્સ કંપનીની વેબસાઈટ www.adaniports.com ઉપર પણ ઉપલબ્ધ છે.

કંપની ધારા, ૨૦૧૩ની કલમ ૯૧ હેઠળની જોગવાઈઓ તેમજ તે મુજબ ઘડાયેલા નિયમો અન્વયે આથી એ બાબતે પણ નોટીસ આપવામાં આવે છે કે, કંપનીના સભ્યોનું રજીસ્ટર તથા શેર ટ્રાન્સફર બુક્સ સોમવાર, ૩૦મી જુલાઇ ૨૦૧૮ થી સોમવાર, ૬ઠ્ઠી ઓગસ્ટ ૨૦૧૮ સુધી (બન્ને દિવસો સહિત) ૩૧મી માર્ચ, ૨૦૧૮ના રોજ પુરા થતા વર્ષના ડિવિડન્ડ ચુકવણી અને ૧૯મી એજીએમના હેતુઓ માટે બંધ રહેશે.

કંપનીઝ એક્ટની કલમ ૧૦૮ની જોગવાઈઓ તથા સુધારા સહિતના કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) રૂલ્સ, ૨૦૧૪નાં નિયમ ૨૦ તેમજ સીક્યુરીટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાના (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રીક્વાયરમેન્ટ્સ) નિયમો, ૨૦૧૫ના નિયમન ૪૪ અન્વયે, એજીએમની નોટીસમાં વર્ણવવામાં આવેલા તમામ ઠરાવો ઉપર સભ્યોને તેમનો મત ઈલેક્ટ્રોનિકલી આપવા માટે ઈ-વોટીંગની સુવિધા સેન્ટ્રલ ડીપોઝીટરી સર્વિસીઝ (ઈન્ડિયા) લિમિટેડ (સીડીએસએલ) મારફતે પુરી પાડવામાં આવી છે. મતના અધિકારો સભ્યો પાસે ૩૦મી જુલાઇ, ૨૦૧૮ના રોજની સ્થિતિ મુજબ રહેલા શેર્સની સંખ્યાના આધારે પ્રમાણસર ગણાશે, એ તારીખ કટ-ઓફ તારીખ છે. સભાની નોટીસ મોકલી અપાયા પછી કોઈ વ્યક્તિ કંપનીના સભ્ય બન્યા હોય તો અને તેઓ કટ-ઓફ તારીખે, એટલે કે ૩૦મી જુલાઇ, ૨૦૧૮ના રોજ શેર્સ ધરાવતા હોય તો તેઓએ helpdesk.evoting@cdslindia.com ને ઈ-મેઈલથી વિનંતી કરી યુઝર આઈડી તથા પાસવર્ડ પ્રાપ્ત કરવાના રહેશે. જો કે, એ વ્યક્તિ સીડીએસએલ સમક્ષ ઈ-વોટીંગ માટે અગાઉથી જ નોંધાયેલી હોય તો, તેઓ પોતાના એ જ યુઝર આઈડી અને પાસવર્ડના ઉપયોગ થી પોતાનો મત આપી શકે છે. કૃપયા નોંધ લેશો કે કટ-ઓફ તારીખના રોજ ડીપોઝીટરીઝ દ્વારા બેનિફિશિયલ માલિકોના રજીસ્ટરમાં અથવા તો સભ્યોના રજીસ્ટરમાં જેમના નામ નોંધાયેલા હશે તેવી વ્યક્તિઓને જ રીમોટ ઈ-વોટીંગ કે એજીએમના સ્થળે મત આપવાનો અધિકાર રહેશે.

રીમોટ ઈ-વોટીંગના સમયગાળાની શરૂઆત ગુરૂવાર, ૨જી ઓગસ્ટ, ૨૦૧૮ (સવારે ૯:૦૦) થી થશે અને રવિવાર, ૫મી ઓગસ્ટ, ૨૦૧૮ના રોજ (સાંજે ૫:૦૦) એ પુરો થશે. આ સમયગાળા દરમિયાન, કટ-ઓફ તારીખે, એટલે કે ૩૦મી જુલાઇ, ૨૦૧૮ના રોજ જે સભ્યો ફિઝિકલ સ્વરૂપે અથવા તો ડીમટીરિયલાઈઝડ સ્વરૂપે શેર્સ ધરાવતા હોય તેઓ જ એજીએમની નોટીસમાં દર્શાવ્યા મુજબની રીતે અને તે પ્રક્રિયાથી ઈલેક્ટ્રોનિકલી વોટ આપી શકશે. એ પછી રીમોટ ઈ-વોટીંગ મોડ્યુલ વોટીંગ માટે ડિસેબલ કરી દેવાશે. એકવાર સભ્યે કોઈ એક ઠરાવ ઉપર વોટ આપી દીધો, એ પછી વોટીંગમાં ફેરફાર કરવા દેવામાં નહીં આવે. સભ્યોએ રીમોટ ઈ-વોટીંગ દ્વારા પોતાના મતાધિકારનો ઉપયોગ કરી લીધો હોય તો પણ તેઓ એજીએમમાં ભાગ લઈ શકશે, પણ તેમને એજીએમમાં ફરીથી મતદાન કરવાની મંજુરી નહીં મળે. રીમોટ વોટીંગનો વિકલ્પ નહીં સ્વીકાર્યો હોય તેવા સભ્યોને એજીએમના સ્થળે વોટ આપવાની સુવિધા ઓફર કરાશે. કોઈપણ સભ્ય ફક્ત એક જ મોડથી વોટીંગ કરવાનો વિકલ્પ પસંદ કરી શકે છે, એટલે કે, રીમોટ ઈ-વોટીંગથી અથવા તો એજીએમના સ્થળે વોટ આપવાનો.

ઈ-વોટીંગ સંબંધી કોઈપણ પ્રશ્નો હોય, તો સભ્યો તે માટે www.evotingindia.com ઉપર હેલ્પ સેક્શનમાં ફ્રીક્વન્ટલી આસ્ક્ડ ક્વેશ્ચન્સ - ("FAQs") (અવારનવાર પૂછાતા પ્રશ્નો) અને ઈ-વોટીંગ મેન્યુઅલનો ઉપયોગ કરી શકે છે. અથવા ટોલ ફ્રી નંબર:- ૧૮૦૦-૨૦૦-૫૫૩૩ પર ફોન કરીને જાણકારી મેળવી શકે છે. ઇ-વોટીંગને લગતા કોઇ ફરિયાદ હોય તો, શ્રી રાકેશ દલવી, ડેપ્યુટી મેનેજર, મેરેથોન ફ્યુચ્યુરેક્ષ, ૨૫મો માળ, એન એમ જોષી માર્ગ, લોઅર પરેલ (પૂર્વ), મુંબઇ - ૪૦૦ ૦૧૩નો સંપર્ક, ઇ-મેઇલ: helpdesk.evoting@cdslindia.com પર અથવા ઉપરોક્ત ટોલ ફ્રી નંબર ઉપર કરી શકાશે.

**અદાણી પોર્ટસ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ વતી,**

સ્થળ: અમદાવાદ
તારીખ: ૧૩-૦૭-૨૦૧૮

**દીપક મહેશ્વરી**
ચીફ ફાઇનાન્સીયલ ઓફિસર

**રજીસ્ટર્ડ ઓફિસ:** "અદાણી હાઉસ", મિઠાખળી છ રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ ૩૮૦ ૦૦૯, ગુજરાત
ફોન: +૯૧-૭૯-૨૬૫૬૫૫૫૫ | ફેક્સ: નં. +૯૧-૭૯-૨૫૫૫૫૫૦૦
વેબસાઈટ : www.adaniports.com
સીઆઇએન: L63090GJ1998PLC034182

adani **Adani Ports and Special Economic Zone Ltd.**

## NOTICE OF THE 19TH ANNUAL GENERAL MEETING

NOTICE is hereby given that the 19th Annual General Meeting (AGM) of Members of Adani Ports and Special Economic Zone Limited will be held on Monday, 6th August, 2018 at 9:30 a.m. at J.B. Auditorium, Ahmedabad Management Association, AMA Complex, ATIRA, Dr. Vikram Sarabhai Marg, Ahmedabad – 380 015 to transact the Ordinary and Special Businesses, as set out in the notice dated 3rd May, 2018 convening the AGM. The notice of AGM, Annual Report and Attendance slip have been sent in electronic mode to the members whose e-mail IDs are registered with the Company/Depository Participant(s) and physically to other members in the permitted mode. The above documents are also available on the Company's website - www.adaniports.com.

Notice is also hereby given pursuant to the provisions of Section 91 of the Companies Act, 2013 ("Act") and the applicable rules framed there under that the Register of Members and Share Transfer Books of the Company will remain closed from Monday, 30th July, 2018 to Monday, 6th August, 2018 (both days inclusive) for the purpose of payment of dividend for the financial year ended on 31st March, 2018 and 19th AGM of the Company.

Pursuant to the provisions of Section 108 of the Act and Rule 20 of the Companies (Management and Administration) Rules, 2014, as amended and Regulation 44 of the Securities and Exchange Board of India (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, members are provided with the facility to cast their vote electronically, through e-voting facility services provided by the Central Depository Services (India) Limited (CDSL) on all resolutions set forth in the AGM notice. The voting rights shall be in proportion to the shares held by members as on 30th July, 2018 being the cut-off date. Any person who becomes a member of the Company after dispatch of the Notice of the meeting and holds shares as on the cut-off date i.e. 30th July, 2018 may obtain the user ID and password by sending e-mail request to helpdesk.evoting@cdslindia.com. However, if such a person is already registered with CDSL for e-voting, then the existing user ID and password can be used for casting their vote. Please note that a person whose name is recorded in the register of members or in the register of beneficial owners maintained by the depositories as on cut-off date will only be entitled to avail the facility of remote e-voting or voting at the AGM venue.

The remote e-voting period commences on Thursday, 2nd August, 2018 (9:00a.m.) and ends on Sunday, 5th August, 2018 (5:00 p.m.). During this period, members, holding shares either in physical form or in demat form, as on the cut-off date i.e. 30th July, 2018, can cast their vote electronically in the manner and process set out in the AGM Notice. The remote e-voting module shall be disabled for voting thereafter. Once the vote on a resolution is cast by the member, the member will not be allowed to change it subsequently. A member can participate in the AGM even after exercising the right to vote through remote e-voting but will not be allowed to vote again at the AGM. Members not opting for remote e-voting will be offered the facility to vote at the venue of the AGM. A member can opt for only one mode of voting i.e. either through remote e-voting or at the AGM venue.

In case of any queries pertaining to e-voting, members may refer to the Frequently Asked Questions ("FAQs") and the e-voting manual available at www.evotingindia.com, under help section or contact at toll free number 1800-200-5533. In case of any grievances relating to e-voting, please contact Mr. Rakesh Dalvi, Deputy Manager, at Marathon Futurex, 25th Floor, NM Joshi Marg, Lower Parel (East), Mumbai – 400013; Email: helpdesk.evoting@cdslindia.com or aforesaid toll free number.

**For Adani Ports and Special Economic Zone Limited**

Place: Ahmedabad
Date: 13-07-2018

**Deepak Maheshwari**
Chief Financial Officer

**Registered Office:** "Adani House", Nr. Mithakhali Six Roads, Navrangpura, Ahmedabad – 380009, Gujarat, India
Phone No. +91-79-26565555 | Fax No. +91-79-25555500
Website: www.adaniports.com | CIN: L63090GJ1998PLC034182